Vol. 9, Issue: 5, May: 2021
(IJRSML) ISSN: 2321 - 2853

# શિક્ષક પ્રશિક્ષણમાં મૂલ્ય શિક્ષણ

પ્રિયંકા એન.પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ, પાંડેસરા, સુરત

**સારાંશ**

*પ્રવર્તમાન પરિસ્થિતિમાં માનવ ૨૧મી સદીમાં પ્રવેશ પામી ચૂક્યો છે. ત્યારે તે અસ્તિત્વની શૂન્યતા(Existential Vacuum) અનુભવી રહ્યો છે. મનુષ્ય નિઃસહાય થઈને વિશ્વને ઓહિયાં કરી જનાર વિરોધાભાસોનો મુક સાક્ષી બની રહ્યો છે. તે દ્વિવધાત્મક પરિસ્થિતિ અનુભવી રહ્યો છે. એક તરફ વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ કૂદકે અને ભૂસકે થઈ રહ્યો છે અને માનવની પાસે ભૌતિક સુખ સમૃદ્ધિના અનેક વિધ સાધનો ઉપલબ્ધ છે. ત્યારે માનવ એક પ્રકારની આંતરિક રિક્તતાથી પીડાઈ રહ્યો છે. આવી ભૌતિક સુખ-સમૃદ્ધિમાં આલોટતા ૨૧ મી સદી તરફ અભિમુખ થતા માનવ સમાજમાં અસંતોષ અને હતાશા- નિરાશાની હૃદયવેધક ચીસો સંભળાય છે. એક તરફ માનવે અવકાશ વિજય પ્રાપ્ત કર્યો છે તો બીજી તરફ તે દિશાશૂન્ય બની ને શાંતિની શોધમાં ભટકી રહ્યો છે.*

*અનંત અને અપરાજિત સુખની લાલસામાં ભટકતો માનવી આજે વધુને વધુ નિરાશા -હતાશાની ગતિમાં ધકેલાતો જાય છે. સુખની શોધમાં નીકળેલો આજનો માનવ દુઃખના દરિયામાં ડુબકા મારે છે. આમ થવાનું કારણ એ છે કે માનવીના અર્થપૂર્ણ જીવનના પાયાને આજે લુણો વાગ્યો છે. પરિણામે શિક્ષક પ્રશિક્ષણમાં મૂલ્યશિક્ષણ હોવું ખૂબ અગત્યનું બની ગયું છે. જેના પરિણામે ભવિષ્યમાં આવનારી પેઢીને મૂલ્ય શિક્ષણ આપવા માટે તૈયાર કરી શકાશે.*

---

**ચાવીરૂપ શબ્દો :** *મૂલ્ય શિક્ષણ*

---

## ૧. પ્રસ્તાવના

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ એ અને ૨૧મી સદીમાં ટેકનોલોજીના આગમને અભ્યાસ માટેના કેટલાક નવા ખ્યાલો રજૂ કર્યા છે. જેમાં મુખ્યત્વે તારુણ્યશિક્ષણ, કોમ્પ્યુટર શિક્ષણ, મેનેજમેન્ટ એજ્યુકેશન, શાંતિ માટેનું શિક્ષણ, મૂલ્ય શિક્ષણ વગેરે, પ્રવર્તમાન સમયમાં આ બધા ખ્યાલોને શૈક્ષણિક પર્યાવરણમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે. વર્તમાન સમાજ જીવનમાં જેની તાતી જરૂરિયાત છે, અને જે વ્યક્તિગત વિકાસ અને તે દ્વારા સમાજના નૈતિક વિકાસ માં મહત્વનું પ્રદાન કરી શકે, તેવો ખ્યાલ મૂલ્યશિક્ષણ નો છે.

શિક્ષણનું આદર્શકેન્દ્રી સભાનતાપૂર્વકનું કાર્ય એ જ મૂલ્ય શિક્ષણ. શિક્ષણની પ્રક્રિયા દરમિયાન શિક્ષક જે કાંઈ શીખવે છે, ઉદાહરણો આપે છે, વર્તન કરે છે તે વિદ્યાર્થી આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરે છે. આ દ્રષ્ટિએ મૂલ્ય શિક્ષણનો તાત્વિક આધાર શિક્ષણકાર્ય છે. શિક્ષણની પ્રજ્ઞા, વ્યવહાર અને ઉપાસના એ મૂલ્ય શિક્ષણ ના પાયામાં છે, શિક્ષકે મેળવેલું આ જ્ઞાન

અને વ્યવહાર, સંસ્કૃતિ પર આધારિત છે. આ દૃષ્ટિએ સંસ્કૃતિ, ધાર્મિક રીત- રીવાજો, આચાર વિષયક વિધિ- નિષેધો, ધર્મગ્રંથોનો સાર વગેરે મૂલ્ય શિક્ષણના પાયામાં છે.

**જાની (૧૯૯૪)**ના મતે વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાષ્ટ્ર, પ્રકૃતિ તથા વિશ્વ પ્રત્યે સદભાવ અને સમભાવ જાગે તેવા કાર્યો કરવા વિદ્યાર્થીઓને પ્રેરવા અપાતું શિક્ષણ મૂલ્ય શિક્ષણ કહેવાય.

શિક્ષક પ્રશિક્ષણ દરમિયાન શિક્ષકે પોતે પણ મૂલ્ય શિક્ષણથી પરિચિત થવું પડશે, અને તે મૂલ્યો તેના જીવનમાં પણ ઉતારવું જ પડશે. જો આ થશે તો જ ભવિષ્યમાં આ શિક્ષક વર્ગખંડમાં શિક્ષણ દરમિયાન તેમના વિદ્યાર્થીઓના મૂલ્યો વિકસાવવામાં સફળ થશે. તે માટે તેમણે આ મૂલ્ય શિક્ષણ મેળવવું જરૂરી બને છે.

## ૨. મૂલ્ય શિક્ષણના પ્રકારો

### ૨.૧ વ્યક્તિગત મૂલ્યશિક્ષણ

વ્યક્તિના જન્મજાત વારસા, રસ-રુચિ, સંસ્કાર પર આધારિત આ મૂલ્યો છે. શ્રમનું ગૌરવ, જીવનકાર્યની વિવિધ પ્રવૃત્તિઓ તરફ આદરથી જોવું અને કોઈપણ કાર્યમાં આળસ ન કરવી, વ્યક્તિ પોતાની ફરજ અને જવાબદારી પ્રત્યે સભાનતા દાખવે, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, અન્ય વ્યક્તિનું સન્માન, સ્વશિસ્ત, ધ્યેય પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ, સહનશક્તિ નો સમાવેશ થાય છે.

### ૨.૨ સામાજિક મૂલ્યશિક્ષણ

સમાજમાં પ્રવર્તમાન વ્યવહારગત સામાજિક નીતિ- નિયમો અને વિધિનિષેધોને કારણે આ મૂલ્યો ઊભા થયા છે. જેમાં મુખ્યત્વે જાહેર મિલકતની સંભાળ, ભૌતિક તેમજ પ્રાકૃતિક બાબતો તરફ વિશેષ કાળજી દાખવવી, અન્યને મદદરૂપ થવું, સ્ત્રીઓનો સામાજિક દરજ્જો, સામાજિક ન્યાય, બંધુત્વ, લોકસેવા, પશુ- પંખી, પ્રાણી, માનવ વગેરે જીવ સૃષ્ટિ પ્રત્યે દયાનો ભાવ, ક્ષમાની ભાવના એટલે કે અન્યની માફી આપવી વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

### ૨.૩ સાંસ્કૃતિક મૂલ્યશિક્ષણ

જે સમાજમાં વ્યક્તિ રહે છે તેની પેઢી દર પેઢી ચાલી આવતી પસંદિત સિદ્દિધઓ કે જેનું અન્ય સમાજમાં ગૌરવ છે, તે સિદ્દિધઓને કારણે આ મૂલ્યોનો સમાવેશ થાય છે. જેમાં મુખ્યત્વે સત્ય એટલે સાચું અથવા વાસ્તવિક. બુદ્દિધ કે લાગણી દ્વારા સમજેલી વિગતોનું સર્વસ્વીકૃત પરિભાષામાં ચોકસાઈથી પ્રત્યેક વ્યવહારમાં પાલન કરવું. અહિંસાનું પાલન, અપરિગ્રહ, સ્વાશ્રય એટલે કે પોતાના કાર્યો જાતે કરવા અન્યની મદદ ન લેવી, જાતિ કે ધર્મના ભેદભાવ વિના સૌને સમાન ગણવું વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

### ૨.૪ આર્થિક મૂલ્યશિક્ષણ

આ મૂલ્યોના સંદર્ભમાં પ્રવૃત્તિ કરવાથી વ્યક્તિને જીવનવ્યવહારને માટે આવશ્યક દ્રવ્ય, પૈસો, સાધનસામગ્રી વગેરે મળે છે. આ પ્રવૃત્તિથી જીવન વ્યવહારની ક્ષમતા વધે છે. જીવન વ્યવહાર માટે આવશ્યક પૈસો મેળવવો આ મૂલ્યને કારણે વ્યક્તિ

સમાજે સૂચવેલી અને નીતિ નિયમો સાથેની પ્રવૃત્તિઓને તેની નીપજ (પ્રાપ્તિ) ના સંદર્ભમાં મહત્ત્વની ગણે છે. જે વ્યક્તિને ધન ઉપાર્જનમાં મદદ કરે પરંતુ એને માટે અન્યને નુકસાન પહોંચાડવું નહીં વગેરે આર્થિક મૂલ્યમાં સમાવેશ થાય છે.

### ૨.૫ રાષ્ટ્રીય મૂલ્યશિક્ષણ

રાષ્ટ્રે મેળવેલી સિદ્દ્ધિઓ કે જેના જતન માટે રાષ્ટ્ર પ્રવૃત્તિઓ કરતું હોય અને ચોક્કસ કાયદા કાનૂન હેઠળ પણ તેને આવરી લેવાયેલુ હોય. જેમાં રાષ્ટ્રપ્રેમ, સ્વાતંત્રતા, રાષ્ટ્રપરત્વેની આદર્શ ભાવના, જેમાં રાષ્ટ્રહિત એ મુખ્ય બાબત છે, વ્યક્તિના ઉચિત મુક્તઅભિપ્રાય, વ્યક્તિની ઈચ્છા અનુસાર અને સમાજની સન્માન અને પ્રેમની ભાવના દાખવવું એ લોકશાહી વલણ છે. તથા રાષ્ટ્રના ભૌતિક, સામાજિક અને સાંસ્કૃતિક ઘટકોને નુકસાન ન પહોંચે તે રીતે તેનો વપરાશ અને તેની વૃદ્દ્ધિ માટેની રાષ્ટ્રીયજાગૃતિ અને પર્યાવરણ જાળવણીનું શિક્ષણ પણ અનિવાર્ય છે.

### ૨.૬ નૈતિક મૂલ્યશિક્ષણ

વ્યક્તિની આચાર મીમાંસા વિષયક કેટલીક બાબતો કે જે વ્યક્તિની સમાજ સાથેની આંતરક્રિયા દરમિયાન અભિવ્યક્ત થતી હોય અને વ્યક્તિને વૈશ્વિક મૂલ્યોની પ્રાપ્તિમાં મદદરૂપ થાય છે. શારીરિક કે માનસિક જોડાણો કે લગાવોથી પર હોય ને પવિત્રતાનો ખ્યાલ આપે તેવું વ્યક્તિનું આચરણ કરે. પ્રમાણિકતા જેમાં નક્કી કરાયેલા ધારાધોરણો વ્યવહારમાં ચુસ્તપણે પાલન કરે. જવાબદાર નાગરિક બને, અન્ય જીવ પ્રત્યેની સદભાવના કે તેના પરનો પ્રેમ, નૈતિક હિંમત, પ્રત્યેક વ્યક્તિને સમાન ન્યાય, અન્યની લાગણીનો સ્વીકાર, વ્યક્તિના બાહ્ય વર્તન અને આંતરિક માન્યતાઓ વચ્ચે સ્પષ્ટપણે સુમેળ હોય તેવુ વ્યક્તિનું વર્તન કે જે સમાજ સમક્ષ વ્યક્તિ વ્યક્ત કરી, સમાજના આદર્શ એવા અન્ય જ્ઞાનના સ્ત્રોત દ્વારા સૂચવાયેલા નીતિનિયમોનું વ્યક્તિ પાલન કરે, વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે.

### ૨.૭ આધ્યાત્મિક મૂલ્યશિક્ષણ

વ્યક્તિની કેટલીક પરાભૌતિક માન્યતાઓ અને પરાભૌતિક બાબતો સાથેના જોડાણનો સ્વીકાર કરવાનો ગુણ. ધર્મ અંગેની વ્યક્તિનિષ્ઠ બાબતોને કારણે આ મૂલ્યો ઊભા થાય છે, વૈશ્વિક મૂલ્યો છે. ભૌતિક ને બદલે પરાભૌતિક જગત નો સ્વીકાર અને એ માર્ગે આ મૂલ્યોને કારણે વ્યક્તિ પ્રવૃત્તિઓ કરે છે.

### ૩. પ્રભુ પ્રેમ

ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા અને જીવન વ્યવહાર દરમિયાન તેનો આદર તથા ઈશ્વર સાથેના જીવાત્માના જોડાણનો સ્વીકાર ગુણ.

### ૪. પ્રકૃતિ ચિત્રણ

પ્રકૃતિનું વર્ણન અને તેમાં વ્યક્ત થતા ઈશ્વરત્વને સ્વીકારી પ્રકૃતિ સાથેનું વ્યક્તિનું વર્ણન.

### ૫. આનંદ

ભૌતિક બાબતો સાથેના લગાવ કે સંપૂર્ણ મુક્તિયુક્ત સંતોષ કે તેમાં સુખ માનવાનો ગુણ.

**૬. ધાર્મિકતા**

પવિત્ર પુસ્તકો, ધર્મગ્રંથોનું વાંચન, દિવ્ય નામસ્મરણ કે ઈશ્વર- પ્રાર્થના સાથેની સ્તુતિ. ધર્મગુરુ અને ધર્મગ્રંથોમાં વિશ્વાસ.

**૭. આધ્યાત્મિક ડહાપણ**

વાસ્તવિક અને અવાસ્તવિક બાબતો તેમજ પ્રવૃત્તિ, કર્મ અને જીવનના લક્ષ્ય માટેના આધ્યાત્મિક માર્ગનો સ્વીકાર. વગેરે જેવી બાબતોનો આધ્યાત્મિક મૂલ્ય શિક્ષણ માં સમાવેશ થાય છે.

**૮. ઉપસંહાર**

મૂલ્ય શિક્ષણ એ ચારિત્ર્ય નિર્માણ તેમજ માનવ વ્યક્તિત્વના સર્વદેશીય વિકાસ માટે અનિવાર્ય છે. મૂલ્યોના વિકાસ દ્વારા વ્યક્તિત્વ ઘડતર ઉપરાંત વ્યક્તિનું ચારિત્ર્ય નિર્માણ થાય છે. વ્યક્તિના ચારિત્ર્ય ઘડતરમાં મૂલ્યો અગત્યનો ભાગ ભજવે છે. મૂલ્ય શિક્ષણ એક પ્રકારનું માનવ પછી સત્ય, અહિંસા, પ્રેમ, ત્યાગ નૈતિક મૂલ્યો છે. ત્યાગ, પરોપકાર જેવા કેટલાક સામાજિક મૂલ્યો છે. સંસ્કૃતિ તથા મૂલ્ય એકબીજાના પૂરક છે. એક તરફ સંસ્કૃતિ એ મૂલ્યની મૂલ્યો ની આદ્ય ગંગોત્રી છે. તો બીજી તરફ ક્રમિક રીતે થતાં મૂલ્યોના વિકાસથી સંસ્કૃતિનું પોષણ તેમજ વિકાસ થાય છે.

**સંદર્ભ સૂચી**


૧. ઉચાટ,ડી.એ.(૨૦૦૬). ગુણાત્મક સંશોધન. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ-૩૬૦૦૦૧.

૨. ઉચાટ,ડી.એ.(૨૦૧૨).શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. પારસ પ્રકાશન રાજકોટ:૩૬૦૦૦૧

૩. કાપડિયા,એ.એમ.(૨૦૧૬). જ્ઞાન અને અભ્યાસક્રમ. અમોલ પ્રકાશન અમદાવાદ:૩૮૦૦૦૭

૪. જોષી,ડી.એચ.(૨૦૦૪). મૂલ્યોનું શિક્ષણ. મનોરમા પ્રકાશન રાજકોટ:૩૬૦૦૦૧

૫. પટેલ,આર.એસ.(૨૦૧૦). સંશોધનની પાયાની સંકલ્પનાઓ. જય પબ્લિકેશન અમદાવાદ:૩૯૦૦૬૦

૬. પટેલ,પી.એન.(૨૦૨૦). સુરત શહેરની શિક્ષણ મહાવિદ્યાલયોના તાલીમાર્થીઓના જીવનઘડતરની પ્રવૃત્તિઓનો અભ્યાસ. અપ્રકાશિત એમ.એડ્ લઘુશોધ નિબંધ સુરત: વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

૭. રાવલ,એન.વી.(૨૦૧૧). કેળવણીની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશીલાઓ. નીરવ પ્રકાશન